For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# બારડોલી નજીક બે બસનો અકસ્માત: આગમાં 7 ભુંજાયા



**ઉંવા** ગામે મહારાષ્ટ્રના પરિવહનની બે બસ વચ્ચે અકસ્માત થયો

**પાણીના** ટેન્કરને ટક્કર મારી બસ ડિવાઈડર કૂદી સામેના ટ્રેક પર ધસી ગઈ

**૪૨થી** વધુ ઘાયલને બારડોલી, વ્યારા અને સુરતની હોસ્પિટલ્સમાં ખસેડાયા

**હાઈવે** પર કલાકો સુધી ટ્રાફિક જામ, કલેક્ટર અને એસપીએ તપાસના આદેશ આપ્યા

બારડોલીઃ સુરત જિલ્લાના બારડોલીના ઉવા ગામ નજીક નેશનલ હાઈવે નં.૫૩ પર મહારાષ્ટ્ર રાજ્ય પરિવહન નિગમની એક બસના ચાલકે આગળ ચાલતા પાણીના ટેન્કરને ટક્કર મારી ડિવાઈડર કૂદાવીને સામેથી આવતી મહારાષ્ટ્ર નિગમની જ બીજી બસ સાતે ધડાકાભેર અથડાતાં આગ લાગી હતી. આગને પગલે ૭ લોકો જીવતા જ ભૂંજાઈ ગયા હતા. જ્યારે ૪૨થી વધુ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાની ભીષણતા એટલી હતી કે મૃત્યુઆંક વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતથી મહારાષ્ટ્રના ધૂળે તરફ જઈ રહેલી એક એસ.ટી.બસના ચાલકે પૂરઝડપે આવીને આગળ ચાલતા પાણીના ટેન્કરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે બસ ચાલકે સ્ટિયરિંગ પરથી

...અનુસંધાન પાના 5 પર

## અકસ્માતમાં ઇજાગ્રસ્ત થયેલા મુસાફરોની યાદી

- મિત પ્રસાદ ચૌહાણ (ઉ.વ.7) - ચિંચપાડા
- ઓમ પ્રસાદ ચૌહાણ (ઉ.વ.12) - ચિંચપાડા
- પ્રાચી પ્રસાદ ચૌહાણ (ઉ.વ. 39) - ચિંચપાડા
- સુરેશ મોતીરામ તિવારી (ઉ.વ. 67) - સેલવાસ
- ભરત સીતારામ પાટીલ (ઉ.વ. 73) - સુરત
- ઐયુબ યાસીન શા (ઉ.વ. 60) - સુરત
- જગન્નાથ વૈજનાથ (ઉ.વ. 60) - સુરત
- સોપાનદેવ નામદેવ (ઉ.વ. 40) - જલગાંવ
- સરલા સંતોષ જાદવ (ઉ.વ. 54)
- કિરીટ કાલુ ગામીત (ઉ.વ. 25)
- વસંત નવીન પટેલ (ઉ.વ. 42)
- રાજુ સુખદેવ સિરસાટ (ઉ.વ. 60)
- જીતેન્દ્ર પાટીલ (ઉ.વ. 33)
- રણવીર જીતેન્દ્ર પાટીલ (ઉ.વ. 7)
- મોહિત જીતેન્દ્ર પાટીલ (ઉ.વ. 51)
- જીતેન્દ્ર ભરત પાટીલ (ઉ.વ. 39)
- સુરેશ આત્મારામ પાટીલ (ઉ.વ. 68)
- કૃષ્ણા વી. થોરાટ (ઉ.વ. 69)
- દામોદર હીરાની પાઠક (ઉ.વ. 40)

...અનુસંધાન પાના 5 પર



(તસવીર : સતીષ જાદવ)

## આગવાળી બસમાં 25થી વધુ મુસાફર હોવાની આશંકા, શોર્ટ સર્કિટથી આગ લાગ્યાનું અનુમાન

પ્રાથમિક વિગતો મુજબ દુર્ઘટનાનો ભોગ બનેલી બસમાં 25થી વધુ મુસાફર સવાર હોવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે. જ્યારે સામેની બસમાં 40થી 45 મુસાફર હતા. અકસ્માતની જાણ થતાં જ ફાયર ફાઈટર્સની ટીમ માત્ર 12 મિનિટના ટૂંકા ગાળામાં ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પ્રાથમિક તપાસમાં અકસ્માત દરમિયાન થયેલા તીવ્ર ઘર્ષણને કારણે સ્પાર્ક (તણખો) થતાં બસમાં આ ભયાનક આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

## મૃતકોની ઓળખ માટે DNA ટેસ્ટ કરાશે

ઉવા ગામની સીમમાં અકસ્માત બાદ લાગેલી ભીષણ આગમાં મુસાફરો એટલી હદે ભડથું થઈ ગયા છે કે પ્રાથમિક દ્રષ્ટિએ તેમની ઓળખ કરવી અશક્ય બની ગઈ છે. અમૂક મૃતદેહોના

...અનુસંધાન પાના 5 પર

## લાશનું પીએમ કરી વિશેરા FSLમાં મોકલાશે

બારડોલી પ્રાંતના ડેપ્યુટી કલેક્ટર જીગ્ના પરમારે જણાવ્યું હતું કે, પ્રાથમિક તબક્કે સરકારી તબીબો દ્વારા તમામ મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરીને વિશેરા મેળવી ફોરેન્સિક

...અનુસંધાન પાના 5 પર

# સુરતમાં કડાકા-ભડાકા સાથે વરસાદ


**રાત્રે** બે અને ચાર વાગ્યે ગાજવીજ સાથે વરસાદ, રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા

**ઉધનાનું** ભીમ ગરનાળું બેટમાં ફેરવાયું, વાહનો ફસાઈ ગયાં

**વરસાદને** પગલે મનપાની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી ગઈ

સુરતઃ હવામાન વિભાગની આગાહી વચ્ચે સોમવારની મોડી રાત્રે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તોફાની પવન, વીજળીના કડાકા-ભડાકા અને ભારે વરસાદ ખાબક્યો હતો. વરસાદના આગમન સાથે જ સુરત શહેરમાં અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતા મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખૂલી

...અનુસંધાન પાના 5 પર



### ઝોનવાઈઝ વરસાદ

| ઝોન | વરસાદ(MM) |
|---|---|
| સેન્ટ્રલ | 07 |
| રાંદેર | 14 |
| કતારગામ | 04 |
| વરાછા-એ | 02 |
| વરાછા-બી | 08 |
| લિંબાયત | 13 |
| અઠવા | 03 |
| ઉધના | 09 |

(તસવીર : હેમંત ડેરે)

## આ વિસ્તારમાં પાણીનો ભરાવો થઇ ગયો

- ઉધના વિસ્તારમાં ભીમનગર ગરનાળામાં વરસાદી પાણી ભરાઈ જતાં વાહનોની અવરજવર ધીમી પડી હતી.
- અઠવાગેટ બ્રિજની વચ્ચે મેટ્રો રેલ પ્રોજેક્ટની ચાલી રહેલી કામગીરીના કારણે વરસાદી પાણીના નિકાલમાં અવરોધ સર્જાતા ત્યાં પણ પાણી ભરાવાની સ્થિતિ જોવા મળી હતી.
- લિંબાયત વિસ્તારમાં જંગલશાહ બાવાની દરગાહ નજીક
- રાંદેરમાં આઈ.એન. ટેકરાવાળા સ્કૂલ પાસે રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં સ્થાનિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.
- કતારગામ રોડ પર અમુક જગ્યાએ પાણી ભરાવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.
- ડિંડોલી ગરનાળામાં પણ વરસાદી પાણીનો ભરાવો થતાં વાહનચાલકોને જોખમ વચ્ચે પસાર થવું પડ્યું હતું.

## દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદનો કહેર

**વાલોડમાં** ૧.૨૪, વ્યારામાં ૧.૧૬ ઈંચ, ભરૂચમાં ૧ ઈંચથી વધુ અને ચીખલીમાં ૧ ઈંચ વરસાદ નોંધાયો

**ડાંગ** જિલ્લા સહિત અંબિકા, ઉમરપાડા, ચીખલી તાલુકામાં પતરાં ઊડ્યાં, અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં ગત મધરાતે વાવાઝોડા અને વીજળીના કડાકાભડાકા સાથે ખાબકેલા અણધાર્યા કમોસમી વરસાદે ભારે તારાજી સર્જી છે. સુરત, તાપી, ભરૂચ, નવસારી, વલસાડ, ડાંગ અને નર્મદા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મધરાતથી વહેલી સવાર સુધી વરસેલા વરસાદને પગલે ખેતી પાકોને વ્યાપક નુકસાન થયું છે.

વરસાદી આંકડાની વાત

...અનુસંધાન પાના 5 પર

## મનપાની પ્રિ-મોન્સૂનની સમીક્ષાની બેઠક મળી અને બીજા દિવસે ખસ્તા હાલત

ગઈકાલે જ મનપાના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં મળેલી બેઠકમાં ખાડી સફાઈ, ડ્રેનેજ લાઈનોનું ડી-સિલ્ટિંગ અને ફલડ કંટ્રોલની કામગીરી સમયસર પૂરી થઈ ગઈ હોવાની અને શહેરીજનોને કોઈ મુશ્કેલી નહીં પડે તેવી ગુલબાંગો પોકારવામાં આવી

...અનુસંધાન પાના 5 પર



## તાલુકા પ્રમાણે વરસાદ

| | | | |
|---|---|---|---|
| ઉમરપાડા | ૭૦ | પલસાણા | ૫ |
| મહુવા | ૨૪ | માંડવી | ૩ |
| અંબિકા | ૨૦ | અરેઠ | ૨ |
| ઓલપાડ | ૧૦ | માંગરોલ | ૧ |
| સુરત | ૭ | ચોર્યાસી | ૦ |
| કામરેજ | ૫ | બારડોલી | ૦ |

## ડિંડોલી ગરનાળામાં રાબેતા મુજબ જળબંબાકારની સ્થિતિ

સુરત મહાનગરપાલિકા દ્વારા એક તરફ દર વર્ષે પ્રિ-મોન્સૂન કામગીરીના નામે કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવતું હોય છે ત્યારે બીજી તરફ વરસાદનાં આગમન સાથે જ શહેરીજનોની

...અનુસંધાન પાના 5 પર



## સુરતમાં 12 સ્થળે વૃક્ષો ધરાશાયી થયાં

સુરતઃ શહેરમાં સોમવારે મધરાત બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી સાથે ભારે વરસાદ અને વાવાઝોડા જેવા તેજ પવનો ફૂંકાતા અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા હતા. રાત્રે અંદાજે 2 વાગ્યાથી શરૂ થયેલા વરસાદી માહોલ વચ્ચે શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ 12 સ્થળે વૃક્ષો પડવાની ઘટનાઓ નોંધાઈ હતી. સતત મળતા કોલ્સને પગલે ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી બચાવ અને રાહત કામગીરીમાં લાગી ગઈ હતી. ફાયર બ્રિગેડના કંટ્રોલ રૂમને રાત્રિથી બપોરના 12 વાગ્યા સુધી ઝાડ પડવાના એક પછી એક કોલ મળતા રહ્યા હતા. કોલ મળતા જ ફાયર ફાઇટરોની અલગ-અલગ ટીમો આધુનિક કટર અને જરૂરી સાધનો સાથે સ્થળ પર દોડી ગઈ

...અનુસંધાન પાના 5 પર

## ઉમરપાડામાં સૌથી વધુ ૭૦ મીમી

સુરતઃ સુરત જિલ્લામાં ગઈકાલે મધરાત બાદ સિઝનનો પહેલો નોંધપાત્ર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે પ્રિમોન્સૂન એક્ટીવિટી સક્રિય થઈ હતી. ભારે વરસાદના પગલે અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયાની ઘટનાઓ સામે આવી હતી, જ્યારે કેટલીક જગ્યાએ પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ હતી. વરસાદના કારણે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. રાતનું લઘુત્તમ તાપમાન સીધું ૭.૧ ડિગ્રી ઘટીને ૨૨.૧ ડિગ્રીએ પહોંચી ગયું હતું, જેના કારણે લોકોને ઉકળાટ અને ગરમીમાંથી રાહત મળી હતી. આ વર્ષે સુરત જિલ્લામાં તાલુકાઓની સંખ્યા ૧૦થી વધીને ૧૨ થઈ હોવાથી હવે વરસાદની નોંધ પણ ૧૨

...અનુસંધાન પાના 5 પર

### ગુજરાત-મહારાષ્ટ્રનાં 20 સ્થળ સહિત

# સુરતમાં દાઉદના નજીકના સલીમ ડોલાના કેસમાં EDએ દરોડા પાડ્યા

**આંતરરાષ્ટ્રીય** ડ્રગ્સ સિન્ડિકેટ અને મની લોન્ડરિંગમાં મુંબઈ સહિત ગુજરાતના સુરત, અંકલેશ્વર અને રાજકોટમાં સર્ચ ઓપરેશન

**ડી** ગેંગનો ડ્રગ્સનો કારોબાર ચલાવનાર સલીમ ડોલાનું સુરતના ગોરાટમાં ઘર છે, ઉપરાંત અમદાવાદ, મુંબઈના ઘરોમાં પણ તપાસ

ગાંધીનગરઃ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટ અને મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મંગળવારે ગુજરાત અને મહારાષ્ટ્રમાં એકસાથે મોટા પાયે દરોડા પાડ્યા હતા. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથી અને આંતરરાષ્ટ્રીય ડ્રગ તસ્કર મોહમ્મદ સલીમ ડોલાના નેટવર્ક સામે ચાલી રહેલી તપાસના ભાગરૂપે મુંબઈ સહિત ગુજરાતના સુરત, અંકલેશ્વર અને રાજકોટમાં અંદાજે 20 સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ડી ગેંગનો ડ્રગ્સનો કારોબાર ચલાવનાર સલીમ ડોલા અમદાવાદ, સુરત, મુંબઈમાં ઘરો ધરાવે છે. સુરતના અડાજણ વિસ્તારમાં ન્યૂ રાંદેર - ગોરાટરોડ જીમખાના નજીક લક્ઝુરિયસ એપાર્ટમેન્ટમાં સલીમ ડોલાનો ફ્લેટ આવ્યો છે. અંધારી આલમના ડોન દાઉદ ઈબ્રાહિમના અત્યંત નજીકના અને ખાસ સાથીદાર મુન્નાના પણ તે સંપર્કમાં હતો.

ઈડી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ નોંધાયેલા કેસમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ, સલીમ ડોલા પર આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ તસ્કરીનું વિશાળ નેટવર્ક ચલાવવાનો આરોપ છે. તાજેતરમાં જ ભારત સરકારે તેને તુર્કિયેથી પ્રત્યાર્પણ કરીને મુંબઈમાં લાવવામાં આવ્યો છે. તપાસ અનુસાર, સલીમ ડોલા અને તેના સાથીદારો દ્વારા સંચાલિત ડ્રગ્સ સિન્ડિકેટ અનેક દેશોમાં ફેલાયેલું હતું અને હજારો કરોડ રૂપિયાના ગેરકાયદે માદક પદાર્થોના કારોબાર સાથે સંકળાયેલું હોવાનું માનવામાં આવે છે. ખાસ કરીને મેફેડ્રોન જેવા

...અનુસંધાન પાના 5 પર

# ઈબોલા વાયરસ: આફ્રિકન દેશોમાંથી વલસાડ આવેલા 8 લોકો ક્વોરેન્ટાઈન

**તબીબી** ટીમનું સતત નિરીક્ષણ, તમામ સ્વસ્થ: આરોગ્ય વિભાગ

વલસાડઃ ઇબોલા વાયરસને લઈ ભારત અને ગુજરાત સરકારે સતર્કતા વધારી દીધી છે અને એડવાઈઝરી પણ જાહેર કરી છે, ત્યારે વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ પણ એલર્ટ મોડમાં છે. તેવા સમયે આફ્રિકાના દેશો કોંગો, યુગાન્ડા અને સુદાનથી વલસાડ જિલ્લાનાં અલગ અલગ

...અનુસંધાન પાના 5 પર

## ક્યાં વિસ્તારમાં આફ્રિકન દેશોમાંથી લોકો આવ્યા

વલસાડ જિલ્લાના વાપીમાં 5, પારડીમાં 1 અને વલસાડમાં 2 ઇસમ આવ્યા હોવાનું અને તેમને સરકારની એડવાઇઝરી મુજબ ઘરે 21 દિવસ સુધી ક્વોરેન્ટાઈન કરાયા છે. કોઈને કશી તકલીફ નથી. ચિંતાની કોઈ વાત નથી, સાથે લોકોને ઇબોલા વાયરસ મુદ્દે અફવાઓ તરફ ધ્યાન ન આપવા આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

## ઇબોલાનો કેસ કે શંકાસ્પદ દર્દી નથી

જિલ્લા આરોગ્ય વિભાગના ઇન્ચાર્જ સી.ડી.એચ. ઓ ડો સીંઘએ ગુજરાતમિત્રને જણાવ્યું કે હાલે ગુજરાત કે વલસાડમાં ઇબોલાનો કેસ કે શંકાસ્પદ દર્દી નથી, છતાં સાવચેતી રાખવા સાથે તબીબોને માર્ગદર્શન અપાયું છે. જિલ્લામાં આફ્રિકાના દેશોમાંથી આવેલા 8 લોકોને ઘરે ક્વોરેન્ટાઈન કરાયા છે, જેઓ સ્વસ્થ છે, તબીબોના ઓબ્ઝર્વેશન હેઠળ છે. ચિંતાની કોઈ વાત નથી, સાથે

...અનુસંધાન પાના 5 પર


અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર





ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ હૃદયાંજલી
ગુરુની ગતિ ગુરુની પાસ, જેવી કસ્તુરીમાં સુવાસ. જેમને સિયારામમાં વિશ્વાસ, દાદા પૂરે એમની આશ. પરમ કૃપાળુ પરમાત્મા સદગુરુ ની પવિત્ર આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ હૃદયથી પ્રાર્થના.
સ્વ. શ્રી રાકેશનાથજી
શ્રી ક્ષેત્રપાળ મંદિરના મહંત શ્રી
સ્વ.તા. 03-06-2023
વાર : શનિવાર
લિ.
સ્વ.જયંતિભાઈ બાલુભાઈ આહિર — વલ્લભભાઈ બાલુભાઈ આહિર
સ્વ.સુરેશભાઈ (KALI) જયંતીભાઈ આહીર — નવીનભાઈ (લાલો)જયંતીભાઈ આહીર
પ્રજિતભાઈ સુરેશભાઈ આહીર — નીનાદભાઈ સુરેશભાઈ આહીર
તથા સહ પરિવારજનોના "જય શ્રી કૃષ્ણ"
'શિવસદન' બંગલો, શ્રી ઈચ્છાનાથ મહાદેવ મંદિર પાછળ, SVNIT કોલેજની સામે, સુરત-ડુમસ રોડ, ઉમરા, સુરત-૭





ભાવભીની શ્રદ્ધાંજલિ
પ્રભુ તેમની આત્માનું પરમાત્મા સાથેનું મિલન મંગલમય બનાવે અને તેમની દિવંગત આત્માને સદ્‌ગતિની દિવ્ય પ્રાપ્તિ થાય તેવી પ્રભુને દિવ્ય પ્રાર્થના અને તેમના પરિવારજનો ને આ દુઃખ સહન કરવાની શક્તિ મળે એવી હૃદયપૂર્વક ની પ્રાર્થના ઓમ શાંતિ...
સ્વ. અલકાબેન દેવેન્દ્રભાઈ(બાબુભાઈ) દેસાઈ
સ્વ. તા.૩૦/૦૫/૨૦૨૬
લિ.
સુનિલભાઈ નટવરભાઈ પટેલ
રેખાબેન સુનિલભાઈ પટેલ
નિકેત સુનિલભાઈ પટેલ
નેન્સી નિકેત પટેલ
કવિરા નિકેત પટેલ
અલથાણ, સુરત





દુઃખદ અવસાન - અંતિમયાત્રા - બેસણું
સ્વ. રમણભાઈ ડાહ્યાભાઈ ટપાલી
જન્મ તા. ૦૧/૧૨/૧૯૪૫ સ્વ. તા. ૦૨/૦૬/૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી રમણભાઈ ડાહ્યાભાઈ ટપાલીનું દુઃખદ અવસાન તા. ૦૨/૦૬/૨૦૨૬ને મંગળવારના રોજ થયેલ છે.
સદ્‌ગતની અંતિમયાત્રા : તા. ૦૩/૦૬/૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાનેથી નીકળી ઉમરા રામનાથ ઘેલા મુકામે જશે.
સદ્‌ગતનું બેસણું : તા. ૦૪/૦૬/૨૦૨૬ ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ કલાક દરમ્યાન પટેલ પ્રગતિ મંડળની વાડી, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત ખાતે રાખેલ છે.
લિ. વ્રજેશ રમણભાઈ ટપાલી
અનિલ રમણભાઈ ટપાલી
(લૌકિક રિવાજ બંધ છે.)





શ્રદ્ધાંજલિ
દિલગીરી સહ જણાવવાનું કે હેમંત ચંદુલાલ ધોળાભાઈનું તા. ૩૧-૦૫-૨૦૨૬ના રોજ અવસાન થયું છે.
આપનો અપાર સ્નેહ, પરિવાર અને ધર્મ માટેની ભાવના અને પોતાના તેમજ અમારા જીવનમાં સંગીત સિંચવા બદલ અમે સહુ સદા આપના ઋણી રહીશું...
उनके नगमे उनकी बातें
उनके ख़याल और लेहज़ा.
मेरी हस्ती की गहराई में जिनके असर गये !
उनकी शख़्सियत में मौसिक़ी इस क़दर बसी थी.
वो ख़ुद को सुरों के ही नाम कर के गुज़र गये !
સ્વ. હેમંત ચંદુલાલ ધોળાભાઈ
જ. તા.૩૧-૧-૧૯૩૪
સ્વ. તા. ૩૧-૫-૨૦૨૬
લિ.
ઉમાંગ અને સુકેશી ધોળાભાઈ
નિશિત અને નીંગલૂન ધોળાભાઈ
પ્રિત અને દિપલ ધોળાભાઈ
જ્યોતિકા અને જય ત્રિવેદી
સમસ્ત ધોળાભાઈ પરિવાર





પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ
રડી પડે છે આખો અમારી જોઈ મીઠી તસવીર તમારી, હમારા ગયેલા પ્રસંગે ખટકી અમોને ખોટ તમારી, સુખને છલકાવ્યુ નહી દુઃખને દેખાડ્યુ નહી જીવનભર મહેનત કરીને શુન્યમાંથી સર્જન કરી પરીવારને સુખ સંપતિ આપી તમારા એક તાતણે બાધ્યા પરીવારને એક સંપની શીખ દેતા ગયા આપનું ઉદારજીવન ઉચ્ચ વિચારો માયાળુ સ્વભાવ લાગણીશીલતા અમો જીવનભર ભુલીશુ નહી. તમે આપેલા સદગુણોનો વારસો સદા સાચવી રાખી એવી પ્રેરણા અમારા જીવન માટે પથદર્શક બની રહેશે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.
સ્વ. રણછોડભાઈ નારણભાઈ ભંડારી
સ્વ. તા. ૦૩-૦૬-૨૦૨૫
લી.
ગં.સ્વ. લલીતાબેન રણછોડભાઈ ભંડારી (પત્ની)
ભરતભાઈ રણછોડભાઈ ભંડારી (પુત્ર) | જયેશભાઈ રણછોડભાઈ ભંડારી (પુત્ર)
અશોકભાઈ રણછોડભાઈ ભંડારી (પુત્ર) | અલ્પેશભાઈ રણછોડભાઈ ભંડારી (પુત્ર)
રેખાબેન રાકેશભાઈ ભંડારી (પુત્રી) | દિવ્યેશભાઈ વિજયભાઈ ભંડારી (પૌત્ર)
રશ્મિ દિવ્યેશભાઈ ભંડારી (પૌત્રી) | કિંજલ કરણભાઈ ભંડારી (પૌત્રી)
ભંડારીવાડ, નવા મગદલ્લા, સુરત.





શ્રદ્ધાંજલિ
મિત્રતા તો ઘણા લોકો સાથે થાય છે, પણ દિલમાં વસે એવા મિત્ર બહુ ઓછા મળે.... તું એવો જ મિત્ર હતો. આજે તારી યાદો આંખોને ભીની કરી દે છે. તારી સાથે વિતાવેલી પળો હવે અમૂલ્ય ખજાનો બની ગઈ છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એવી અમારી સૌની પ્રાર્થના...
સ્વ. પ્રકાશ મંગળદાસ ઠક્કર
સ્વ. તા. ૧-૬-૨૦૨૬
લિ.
જોષી જેશંકર ધનજીભાઈ ભજીયાવાળા પરિવાર
તથા મિત્ર મંડળ
ચૌટા બઝાર, સુરત





॥ આઠમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ॥
અશ્રુઓ ત્યારે આંખમાંથી વહી જાય છે, તસ્વીર પ્રેમભરી જયારે તારી દેખાય છે. સ્નેહભરી સર્વે યાદો હજી તાજી થાય છે, તારી ઉપસ્થિતિ હજીયે અનુભવાય છે. ઈશ્વર તારા આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સ્વ. જૈવિન નિકુંજભાઈ પટેલ
જ.તા. ૧૩/૦૯/૨૦૧૬
સ્વ. તા. ૦૩/૦૬/૨૦૧૮
લિ.
સ્વ. નાનુભાઈ ઘનજીભાઈ પટેલ (દાદા) — ગં. સ્વ. સવિતાબેન નાનુભાઈ પટેલ (દાદી)
નિકુંજ નાનુભાઈ પટેલ (પપ્પા) — વંદના નિકુંજભાઈ પટેલ (મમ્મી)
ધર્મેશ નાનુભાઈ પટેલ (કાકા) — ખુશ્બુ ધર્મેશભાઈ પટેલ (કાકી)
મયુરી પારસ રંગરેજ (ફોઈ) — સપના કૌશલ પટેલ (ફોઈ)
દેવાંશ, દ્રિસાના, દ્વીતી, માહિરા, દૈવિક, ધ્રુવિન, ઝીવા, તક્ષ્વી, અંશ, તથા સમસ્ત પટેલ પરિવાર
સપના ફાર્મ, સોહમ સર્કલ, અલથાણ, સુરત.